# મહાવીર સુકાની થઈને સંભાળ

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી (૨)

સાચો કિનારો મુજને બતાવ, તું છે જીવનનો સારથી (૨)

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી

જીવન નૈયા ભવસાગરમાં ડોલતી (૨)

આશાની આગમાં અંધારે ઝૂલતી (૨)

વાગે માયાના મોજા અપાર, હોડી હલકારા મારતી

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી

વૈભવના વાયરા દિશા ભૂલાવતા (૨)

આશાના આભલાં મનને ઝુલાવતાં (૨)

તોફાન જામ્યું છે હૃદયે મોઝાર, હાકું હું તારા આધારથી

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી

કાયાની કોડીનું કાચું છે લાકડું (૨)

તું છે મદારી ને હું છું તારું માકડું (૨)

દોરી ભક્તિની ઝાલી કિરતાર, ઝૂલું હું તારા આધારથી

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી

તોફાની સાગરથી નૈયાને તારજો (૨)

અરજી અમારી પ્રભુ છેલ્લી સ્વીકારજો (૨)

દર્શન દેજો હો વારંવાર, આનંદ તારા સંયોગથી

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી

સાચો કિનારો મુજને બતાવ, તું છે જીવનનો સારથી

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીયે ડોલતી (૨)